## કોરોના કોર્નર

- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના કાકી નર્મદાબેન મોદીનું કોરોનાની સારવાર દરમ્યાન નિધન.
- હવે અમદાવાદમાં ૧૦૮ સિવાય પણ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરાશે.
- આરોગ્ય મંત્રાલય ત્રણ દિવસમાં સાડા પાંચ લાખ વેક્સીનના ડોઝ આપશે.
- કોંગ્રેસના પૂર્વ સાંસદ અને વરિષ્ઠ નેતા એકનાથ ગાયકવાડનું નિધન.
- જામનગરમાં એક હજાર બેડની ઓક્સિજન ક્ષમતા સાથેની હોસ્પિટલ રિલાયન્સ ગૃપ દ્વારા તૈયાર કરાશે.
- મહારાષ્ટ્રમાં વધુ પંદર દિવસ માટે લોકડાઉન લંબાવવાના સંકેત.
- સુરતની તમામ હોસ્પિટલો દર્દીઓથી હાઉસફૂલ. છેલ્લા બે કલાકથી સિવિ હોસ્પિટલમાં કોઈ દર્દીને પ્રવેશ અપાતો નથી.
- રાજકોટના મેયર ડૉ. પ્રદીપ ડવ કોરોનાથી સંક્રમિત.
- ભાજપના પૂર્વ પ્રદેશ મહામંત્રી દત્તાજી ચિરંદાસનું નિધન.
- દેશમાં કોરોના સંક્રમણને કારણે જીવ ગુમાવનારાઓનો સત્તાવાર આંક મંગળવારે બે લાખને વટાવી ગયો છે. વિશ્વમાં ભારત ચોથો દેશ છે જ્યાં આ મહામારીને કારણે બે લાખથી વધુ મૃત્યુ થયા છે.
- દેશમાં કોરોનાથી અત્યાર સુધીમાં ૧.૪૮ કરોડ લોકો સાજા થયા છે.
- ભારતને રશિયાની સ્પુતનિક-વિ વેક્સિનની પહેલી એપ ૧લી મે ના રોજ મળી જશે.
- દુનિયામાં અત્યાર સુધીમાં લગભગ ૧૪.૯૩ કરોડથી વધુ લોકો કોરોનાની ઝપેટમાં આવી ગયા છે.
- ભારતમાં કોરોનાની બીજી લ્હેરનું કારણ માનવામાં આવી રહેલા વાયરસના ઈન્ડિયન સ્ટ્રેન ઝડપથી ફેલાઈ રહ્યો છે.
- કેનેડાની એમ્બ્યુલન્સ, પીપીઈ કીટ માટે ભારતને મદદ
- નાગપુરમાં ૮૫ વર્ષના વૃદ્ધે યુવાન દર્દી માટે બેડ જતો કર્યો
- કોવેક્સિન વાયરસના ૬૧૭ પ્રકારના વેરિયન્ટ પર અસરકારક
- અમેરિકન યુધ્ધ જહાજ દ્વારા ઈરાનના જહાજ પર ફાયરિંગ
- ૮૫ વર્ષના વૃદ્ધે યુવાન માટે બેડ ખાલી કર્યો અને ૩ દિવસમાં દુનિયા છોડી
- રોજા રાખીને પણ બે યુનાનો કોરોનાથી મૃત હિન્દુ ભાઈ-બહેનોના કરી રહ્યા છે અંતિમ સંસ્કાર

## જન્મદિને વધામણી


શિવમ નિખિલકુમાર નાયી
હઠીપુરા, તા.બાયડ


જગદીશભાઈ એમ. પંચાલ
(ગણેશ ઓટો એજન્સી, બાયડ)
રડોદરા, તા.બાયડ


હિરલબેન તુષારકુમાર ઉપાધ્યાય
બાયડ (જુનાઉંટરડા), તા.બાયડ


મત્તલબેન જતિનકુમાર શાહ
આકરૂન્દ
(ઓસ્ટીન-ટેક્સાસ)


વનપંડીત દિનેશ ઉપાધ્યાય
માલપુર


પ્રિતેષ ભરતભાઈ દરજી
(ભરત લેડીઝ ટેલર્સ-બાયડ)
બાયડ


રાહુલ એન. પટેલ
બાયડ(મેલબોર્ન-ઓસ્ટ્રેલિયા)


જયંત ગોસ્વામી
બાયડ


તારક એસ. પટેલ
(કેપિટલ બુક ડેપો-મોડાસા)
મોડાસા


પ્રતિક દરજી
(એસ.આર.પી. પોલીસ કોન્સ્ટેબલ)
ચોઈલા, તા.બાયડ


કિશન એ. ચૌધરી
(સુપરવાઈઝર : સાબરકાંઠા મધ્યસ્થ બેન્ક)
સરસોલી, તા.બાયડ


વેદાંત જૈમિનકુમાર પટેલ
રડોદરા, તા.બાયડ

## રાજ્યમાં કોરોનાના નવા ૧૪૧૨૦ કેસ

ગાંધીનગર,તા.૨૮

રાજ્યમાં કોરોના મહામારીએ હાહાકાર મચાવ્યો છે. કોરોનાની બીજી લહેર પહેલા કરતા વધારે ભયાનક હોય તે પ્રકારે રોજેરોજ આંકઓ પોતાનો જ બનાવેલો રેકોર્ડ તોડી રહ્યા છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૪ હજારથી વધુ કોરોનાના કેસો નોંધાયા છે. તો બીજી તરફ મોતનો આંકડો પણ તમામ રેકોર્ડ તોડી રહ્યો છે. ત્યારે ચાર મહાનગરોમાં જાણે કે કોરોનાનો રાફડો ફાટ્યો હોય એમ કેસ મોટો ઉછાળો જોવા મળી રહ્યો છે. ગુજરાતમાં આજે રેકોર્ડબ્રેક કોરોના કેસ નોંધાતા તંત્ર દોડતું થયું છે. સતત રસીકરણ છતાં કોઈ પણ પ્રકારે રાજ્યમાં કોરોના કાબુમાં નથી આવી રહ્યો. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૪,૧૨૦ નવા કોરોના કેસ નોંધાયા છે. તો બીજી તરફ માત્ર ૮,૫૯૫ લોકો કોરોનાને મ્હાત આપીને સાજા પણ થયા છે.

## ગાંધીનગરમાં રાત્રિના ધુળિયા વાતાવરણ બાદ ગરમી યથાવત

ગાંધીનગર તા ૨૮

ગાંધીનગરમાં વધતા કોરોનાના કહેર વચ્ચે વારંવાર જોવા મળતો વાતાવરણ પલ્ટો પણ ચર્ચા સ્થાને છે. ગત સપ્તાહ દરમિયાન છવાયેલા વાદળિયા વાતાવરણ બાદ ગઈકાલે રાત્રિના સમયે અચાનક જ વાતાવરણમાં બદલાવ જોવા મળ્યો હતો. રાત્રિના સમયે ભારે પવનના સુસવાટા સાથે ગાંધીનગર થોડીવાર માટે આંધીનગર બની ગયુ હતુ. ધુળિયા વાતાવરણના લીધે નગરજનોએ ઘરના બારી દરવાજા પણ બંધ કરી દેવાની ફરજ પડી હતી. દિવસની આકરી ગરમીના લીધે રાત્રિના વાતાવરણમાં ઠંડક જોવા મળી હતી. જો કે આજે દિવસ દરમિયાન ફરી ગરમીએ માથુ ઉંચક્યુ હતુ. મહત્તમ તાપમાન ૪૧.૫ ડીગ્રીએ રહ્યુ હતુ. જેના લીધે નગરજનોએ દિવસે અસહ્ય તાપ અનુભવ્યો હતો.

ગઈકાલે દિવસની આકરી ગરમી બાદ રાત્રિના સમયે વાતાવરણમાં અચાનક જ પલ્ટો આવ્યો હતો સુસવાટા મારતા પવન સાથે ધુળની ડમરીઓ ઉડી હતી. ભારે પવનના લીધે વાવાઝોડુ ત્રાટકશે તેવી ભીતિ વચ્ચે નગરજનોએ પણ ઘરોના બારી દરવાજા બંધ કરી દીધા હતા. નગરના માર્ગો પર ધુળની ડમરીઓ સાથે કચરાનો ઢગ થઈ ગયો હતો. થોડીવાર સુધી સતત પવન ફુંકાતા ગમે ત્યારે વરસાદ આવે તેવી સંભાવના પણ જણાંતી હતી પરંતુ ભારે પવન ફુંકાયા બાદ થોડીવારમાં મોસમનો નઝારો યથવાત થઈ ગયો હતો.

## રાજ્યની તમામ શાળાઓમાં ૩ મેં થી ૬ જુન સુધી ઉનાળુ વેકેશન

ગાંધીનગર તા ૨૮

શિક્ષણ વિભાગે શાળાઓમાં ઉનાળુ વેકેશન જાહેર કર્યુ છે. આગામી તા ૩ મેં થી ૬ જૂન દરમિયાન તમામ શાળાઓમાં ઉનાળુ વેકેશનની જાહેરાત કરી દીધુ છે. હજુ ધો -૧૦ અને ધો -૧૨ ની બોર્ડ પરીક્ષા અંગે કોઈ નિર્ણય લેવાયો નથી. જયારે કોરોના વધતા કહેર વચ્ચે શાળાઓમાં ઉનાળુ વેકેશનની જાહેરાત કરી દેવામાં આવી છે.

શિક્ષણ વિભાગ દ્વારા ગત માર્ચ મહીનાના ઠરાવથી તમામ શાળાઓમાં નવુ શૈક્ષણિક વર્ષ એપ્રિલ માસથી શરૂ કરવાનો નિર્ણય લેવાયો છે પરંતુ વૈશ્વિક કોરોનાની મહામારીના લીધે નવુ શૈક્ષણિક વર્ષ અગાઉ મુજબ અર્થાત ઉનાળુ વેકેશન પુરુ થયાથી શરૂ કરવાનો નિર્ણય લેવાયો છે. વર્ષ ૨૦૨૦ -૨૧ માં શાળાઓમાં ઉનાળુ વેકેશન તા ૩ મેં થી ૬ જુન દરમિયાન રહેશે. રાજયની ખાનગી, પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારી, અધિકારીઓ પૈકી જે કર્મચારી અધિકારીઓને કોઈ કામગીરી સોંપવામાં આવી ન હોય તેવા શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારી અધિકારીઓએ શાળાએ આવવાનુ રહેશે નહી. પરંતુ રાજય સરકાર અને અથવા સ્થાનિક સત્તાતંત્ર દ્વારા આપવામાં આવતી તમામ સુચનાઓનુ પાલન કરવાનુ રહેશે.


સત્યમેવ જયતે
ગુજરાત સરકાર



ઓક્સિજનની પૂરતી વ્યવસ્થા કરી રહી છે ગુજરાત સરકાર

રાજ્યમાં દર્દીઓને પૂરતો ઓક્સિજન મળી રહે તે માટે સરકારે કરેલા કામ

રાજ્યમાં ૧૫ માર્ચ સુધીમાં ૫૮ મેટ્રિક ટન ઓક્સિજનનો વપરાશ થતો હતો જે આજે વધીને ૧૧૯૦ મેટ્રિક ટન થયો છે.
રાજ્યમાં ઓક્સિજનવાળા બેડની સંખ્યા ૧૫ માર્ચની ૧૬૦૪૫ થી વધારી ૧૨૬૯ હોસ્પિટલોમાં ૫૪૫૭૯ થતા ઓક્સિજન વપરાશ ૨૦ ગણો વધ્યો છે

ભારત સરકારે ફાળવેલ ૧૦૦૦ ટન જથ્થા ઉપરાંત, રાજ્ય સરકારે આ માંગને પહોંચી વળવા માટે

| | |
|---|---|
| ૧. GMERS જનરલ હોસ્પિટલ, હિંમતનગર | ૧૨. જનરલ હોસ્પિટલ, ગોધરા |
| ૨. ન્યુ સિવિલ, મજુરા ગેટ, સુરત | ૧૩. જનરલ હોસ્પિટલ, જામખંભાળિયા, જામનગર |
| ૩. GMERS મેડિકલ કોલેજ, વડનગર,મહેસાણા | ૧૪. કોવિડ-૧૯ આયુર્વેદિક કોલેજ, રાજપીપળા |
| ૪. GMERS હાલર રોડ, વલસાડ | ૧૫. CHA સિવિલ હોસ્પિટલ અસારવા, અમદાવાદ |
| ૫. જનરલ હોસ્પિટલ, છોટાઉદેપુર | ૧૬. સર ટી. જનરલ હોસ્પિટલ, ભાવનગર |
| ૬. જનરલ હોસ્પિટલ, મોરબી | ૧૭. PDU હોસ્પિટલ, રાજકોટ |
| ૭. MGG જનરલ હોસ્પિટલ, નવસારી | ૧૮. GMERS જનરલ હોસ્પિટલ, પાટણ |
| ૮. GMERS જનરલ હોસ્પિટલ, ગાંધીનગર | ૧૯. કોવિડ-૧૯ જનરલ હોસ્પિટલ, આહવા(ડાંગ) |
| ૯. સિવિલ હોસ્પિટલ, સોલા, અમદાવાદ | ૨૦. જનરલ હોસ્પિટલ, મહેસાણા |
| ૧૦.ભાવસિંહજી જનરલ હોસ્પિટલ, પોરબંદર | ૨૧. જનરલ હોસ્પિટલ, વ્યારા(તાપી) |
| ૧૧.MGS જનરલ હોસ્પિટલ, સુરેન્દ્રનગર | ૨૨. ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ, લુણાવાડા |

અને અન્ય બીજી એમ કુલ ૩૬ હોસ્પિટલોમાં PSA ઓક્સિજન જનરેશન પ્લાન્ટ શરૂ કરવામાં આવી રહ્યાં છે

છુટક અને નાના તેવા તમામ ઓક્સિજન પ્લાન્ટોને મેડિકલ ઓક્સિજનની વ્યવસ્થાથી જોડવામાં આવ્યા છે








- GMDC ખાતે ૨૫૦ આઈ.સી.યુ. સાથે ૯૦૦ ઓક્સિજન બેડની હોસ્પિટલ શરૂ કરવામાં આવી, તેમજ અન્ય હોસ્પિટલમાં પણ સતત ઓક્સિજનના બેડ વધારવામાં આવી રહ્યાં છે
- હજીરા ખાતે આવેલા આર્સેલર મિત્તલ-નિપ્પોન સ્ટીલ પ્લાન્ટ દ્વારા ૧૦૦૦ ઓક્સિજન બેડની સુવિધાવાળી કોવિડ હોસ્પિટલ હજીરા, સુરત ખાતે કાર્યરત કરાઈ રહી છે
- જામનગરમાં રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા ૧૦૦૦ ઓક્સિજન બેડની વ્યવસ્થા ધરાવતી કોવિડ હોસ્પિટલ ટૂંક સમયમાં કાર્યરત થશે
- રાજ્યની તમામ સરકારી હોસ્પિટલોની અંદર ક્રાયોજનીક ઓક્સિજન ટેન્ક તેમજ સેન્ટર ઓક્સિજન લાઈન દ્વારા દર્દીઓને ક્વોલીટી ઓક્સિજન પૂરો પાડવાની વ્યવસ્થા કરવામાં આવી છે
- ઓક્સિજન પ્લાન્ટોમાં શટડાઉન જેવી વિપરીત પરિસ્થિતિમાં પણ રાજ્યની તમામ હોસ્પિટલોને સમયસર ઓક્સિજન પુરવઠો જાળવી રાખવામાં આવી રહેલ છે

૧ માર્ચ ૨૦૨૧ થી ૨૭ એપ્રિલ સુધી રાજ્યમાં

| કોરોનાથી સંક્રમિત થયેલા લોકો | ઉત્તમ સારવાર મેળવી સાજા થયેલા લોકો |
|---|---|
| ૨,૫૪,૮૩૬ | ૧,૨૭,૧૧૪ |




સોશિયલ ડિસ્ટન્સીંગ જાળવો
માસ્ક પહેરો
હાથ વારંવાર સાબુ કે સેનેટાઈઝરથી સાફ કરો

SMS + રસીકરણનો મંત્ર અપનાવીએ

કોરોના વિરુદ્ધની લડાઈમાં આવો, આપણે સૌ સાથે મળી લડત આપીએ
- શ્રી નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત